# અખાત્રીજે ક્ષય તિથિનું ગ્રહણ લગ્નનું કોઈ મુહુર્ત નથી

ભિલોડા,તા.૮

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ સમુદાય,પંચાગ પ્રમાણે વાર તહેવારનો અનોખો મહિમા શાસ્ત્રોમાં વર્ણવ્યો છે.રાશિ,તિથિ,નક્ષત્રના સંયોગ મુજબ શુભ કાર્યો માટે ઉત્તમ માનવામાં આવે છે.કોઈ પણ શુભ કાર્ય માટે અખાત્રીજ એટલે વણજોયું મુર્હુત તરીકે પ્રચલીત છે પરંતુ આવી જ એક ક્ષય તિથિના કારણે લગ્ન,ખરીદી સહિત શુભ કાર્યો માટે ઉત્તમ ગણાતી અખાત્રીજનું મુલ્ય આ વર્ષે જ્યોતિષોના મત મુજબ ઓસરી જશે તેમ જાણવા મળેલ છે.

અખાત્રીજને ક્ષય તિથિનું ગ્રહણ નડતું હોઈ લગ્નો થશે નહી તેમ જાણવા મળેલ છે.૨૮મી એપ્રીલે વહેલી સવારે ૪૩ મીનીટ ત્રીજ હોવાના કારણે લગ્ન થઈ શકશે નહી ત્યારે વર-કન્યા પક્ષે નારાજગી જોવા મળી રહી છે.હિન્દુ શાસ્ત્રમાં અખાત્રીજ એટલે લગ્ન માટે ઉત્તમ માનવામાં આવે છે.અખાત્રીજના દિવસે કોઈ મુર્હુત જોયા વગર શુભ કાર્યો કરવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે.તિથિ કે નક્ષત્રના સંજોગને કારણે ગત વર્ષે પણ અખાત્રીજના રોજ લગ્ન થઈ શક્યા ન હતા પરંતુ આ વર્ષે પણ આવા જ સંજોગોના કારણે લગ્નો થઈ શકશે નહીં તેમ જ્યોતિષોના મત મુજબ જાણવા મળેલ છે.

૨૮ એપ્રિલને શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ થી તા.૨૯ એપ્રિલને શનીવારના રોજ સવારે ૬:૫૫ વાગ્યા સુધી અક્ષય તૃતીયા છે.જ્યારે સુર્યોદય સવારે ૬:૧૨ વાગ્યે થાય છે.માત્ર ૪૩ મીનીટ જ અક્ષયતૃતીયા ને ક્ષય તીથિ માનવામાં આવે છે.આ દિવસે ગુરૂ વક્રી,યમઘટ યોગ છે.પંચાંગમાં પણ અખાત્રીજે લગ્નનો ઉલ્લેખ જોવા મળતો નથી.શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ અખાત્રીજનું મહત્વ એવું છે કે અખાત્રીજને સર્વસિધ્ધી મુર્હુતનો દિવસ કહેવાય છે.સતયુગની શરૂઆત અખાત્રીજે થઈ હતી.ભગવાન વિષ્ણુએ નર,નારાયણ સ્વરૂપમાં અવતાર લીધો હતો.ધર્મની સ્થાપના માટે ભગવાન પરશુરામનો જન્મ પણ અખાત્રીજે થયો હતો.મહાભારતના યુધ્ધનું સમાપન પણ આજ દિવસે થયું હતું.પાંડવોને હસ્તીનાપુરનું સામ્રાજ્ય મળ્યું હતું.બદ્રીનાથ મંદીરના દરવાજા આ જ દિવસે ખોલવામાં આવ્યા હતા.જ્યોતિષશાસ્ત્રોના જણાવ્યા મુજબ ગત વર્ષે અક્ષયતૃતીયા પર લગ્નના મુર્હુત ન હતા અને આ વર્ષે પણ અક્ષયતૃતીયા ના દિવસે લગ્નના મુર્હુત નથી.

લગ્ન,ખરીદી સહિત શુભ કાર્યો માટે માનીતી અખાત્રીજનું નુર ઓસરાયું છે.તા.૨૮મીએ વહેલી સવારે ૪૩ મીનીટ જ ત્રીજ છે.લગ્ન કાર્યો પર બ્રેક વાગશે તેમ જાણવા મળેલ છે.એપ્રિલ માસમાં પંચાંગ પ્રમાણે માત્ર તા. ૧૯ અને તા.૨૦ ના રોજ લગ્નના મુર્હુત હોવાનું જ્યોતિષો,કર્મકાંડી બ્રાહ્મણો ધ્વારા જાણવા મળેલ છે.

# પાલનપુરમાં કૃષિમેળાનો આરંભ

## કોંગ્રેસે વોટબેંકના નામે જનતાને છેતરવાનું કામ કર્યું છે : વાઘાણી





પાલનપુર, તા.૮

જીલ્લા મથક પાલનપુરમાં ચાર દિવસીય કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આરંભ આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા કિસાન વિકાસ મંડળ આયોજિત ચાર દિવસીય કિસાન કુંભમાં વિવિધ કૃષિ પ્રદર્શન થતા કૃષિકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. રામપુરા માલણ ચાર રસ્તા પાલનપુર ખાતે ચાર દિવસીય કૃષિ મેળાના આરંભ પ્રસંગે યોજાયેલ સમારોહમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણી, કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરિયા, પ્રભારી મંત્રી દિલીપ ઠાકોર,મંત્રી કેશાજી ચૌહાણ, પ્રદેશ મહામંત્રી કે. સી. પટેલ સહિત જીલ્લાના પદાધિકારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ભાજપ અગ્રણી અને કૃષિ મેળાના આયોજક ગીરીશ જગાણીયાએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીને પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. આ પ્રસંગે દાડમની ખેતીના પ્રગતિશીલ ખેડૂત અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત થયેલ ગેનાજી પટેલનું ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ સન્માન કર્યા બાદ તેમની પોતાની ખુરશી પર પ્રથમ હરોળમાં ગેનાજી પટેલ બેસાડીને માન સન્માન આપ્યું હતું. સમારોહના અંતમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભાજપના શાસનમાં ઉત્તર ગુજરાતને નવ પલ્લવિત કરવાનું કામ રાજય સરકારે કર્યું છે ત્યારે ખેડૂતોની સમૃદ્ધિ આવે તેમજ માર્ગદર્શન માટે કૃષિ મેળો મહત્વનો બન્યો છે. હાલમાં ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે ત્યારે ખેડૂતોની જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી છેલ્લા કેટલાય સમયથી બંધ છે તેવું મીડિયાના સવાલનો જવાબ આપતા વાઘાણી એ કહ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં ઉનાળામાં પાણીનો પ્રશ્ન ઉભો થાય છે તેમજ ભાજપ સરકારમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત ડેમોમાં પાણી નાખવાનું કામ કર્યું છે જો કે બનાસકાંઠામાં ડેમ માં પાણી નાખવાની વ્યવસ્થામાં કોઈ તકલીફ હશે તો ખેડૂતોને સરકાર જરૂર સહયોગ આપશે આગામી વિધાનસભાની ચુંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસને આડે હાથે લેતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી કહ્યું હતું કે કોગ્રેસ જનતાને છેતરવા નીકળી છે ચુંટણીના સમયે મુંગેરી લાલના હસીન સપના બતાવવાનું કામ કોંગ્રેસ કરી રહી છે ત્યારે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતની જનતા કોગ્રેસને જાકારો આપી ભાજપને જનતા સાથ આપી રહી છે

## આ પણ વાંચીએ...

### સડક પર ઝાડુ લગાવતી યુવતીની વાયરલ થયેલી તસવીરે તેને બનાવી મોડેલ

ક્યારે કોની કિસ્મત ચમકી જાય કઈ કહેવાય નહી. આવુ જ થયુ બ્રાઝીલમાં રહેતી રીટા માટોઝ સાથે. રીટા માટોઝ માર્ગ પર ઝાડુ વાળવાનુ કામ કરતી હતી. થોડાક



દિવસ પહેલા તેની એક તસવીર ઈન્ટરનેટ પર ખૂબ જ વાયરલ થઈ. કોઈ વ્યક્તિએ તેના ફોટા સોશ્યલ સાઈટ પર અપલોડ કરતાં તે રાતોરાત ફેમસ થઈ ગઈ હતી. રીટાને હવે મોડેલીંગની ધનાધન ઓફર મળી રહી છે. સોશ્યલ સાઈટે તેની કિસ્મત ચમકાવી દીધી છે.

### ફૂટબોલ મુકી ખેલાડીઓ ભાગ્યા કૂતરા પાછળ

બ્રિટનના હેલસોવેન ફૂટબોલ મેદાનમાં દર્શકોને મજા પડી ગઈ. અહીં બે ટીમો વચ્ચે ફૂટબોલની મેચ ચાલી રહી હતી. દરમ્યાનમાં એક કૂતરૂ મેદાનમાં આવી ચઢ્યુ. ખેલાડીઓ ગોલ કરવા માટે મહેનત કરી રહ્યા હતા ત્યાં અચાનક જ મેદાનમાં કૂતરૂ આવી જતાં ખેલાડીઓ તેને બહાર કાઢવા માટે તેની પાછળ



દોડવા માંડ્યા. કૂતરૂ બહાર નીકળ્યુ પછી રમત શરૂ થઈ શકી. દર્શકોને તો મજા પડી ગઈ હતી.



દેશની સર્વ શ્રેષ્ઠ પુંસરી ગ્રામ પંચાયતમાં એક દસકો સુધી સેવા આપનાર અને દેશને એક પ્રેરણારૂપ પંચાયત મોડેલ આપનાર પ્રદેશ ભાજપના યુવા મોરચા મંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી હિમાંશુ પટેલનું મોડાસામાં યોજાયેલ જિલ્લા યુવા મોરચાના સંમેલનમાં મોરચાના પ્રમુખ અનિલ પટેલ સહિતના હોદ્દેદારોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે પણ આગામી કાર્યક્રમો અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન કર્યું હતું.

# ભેટાલીથી નાંદીસણ સુધીનો માર્ગ બિસ્માર : વાહન ચાલકો ત્રાહિમામ

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકાના ભેટાલી ગામથી નાંદીસણ ગામ સુધીનો ૧૮ કિ.મી.નો માર્ગ બિસ્માર હાલતમાં વાહન ચાલકો, ખેડુતો, પશુપાલકો, પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભેટાલી, વસઈ, ખેરાડી, વણઝર, રામનગર, મોટી બેબર, ખિલોડા, નાંદીસણ ગ્રામ્યવિસ્તારના પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભેટાલીથી નાંદીસણ નેશનલ હાઈવે નંબર.૮ જોડતો ઉબડખાબડ,ખાડાખડીયા વાળો માર્ગ ઉપર ક્યારેક અકસ્માત સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. છેલ્લા ચાર મહિનાથી માર્ગનું કામ ગોકળગતિએ ચાલી રહ્યું છે પરંતુ હાલના તબક્કે કોન્ટ્રાક્ટર ધ્વારા માર્ગનું કામકાજ એકાએક બંધ કરાતાં વાહનચાલકો, ખેડુતો, પશુપાલકો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે.

માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ સત્વરે માર્ગનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા શરૂ કરાવે તેવી વાહન ચાલકો, રાહદારીઓ, ખેડુતો, પશુપાલકો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. વાહન ચાલકોને ઉબડખાબડ માર્ગના કારણે અકસ્માતનો ભય સતાવે છે ત્યારે પ્રજાજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભેટાલી ગામથી નાંદીસણ ગામ સુધીનો ખખડધજ માર્ગનું સત્વરે કામકાજ શરૂ કરવામાં આવે તેવી વાહન ચાલકો, રાહદારીઓ, ખેડુતો, પશુપાલકો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

# દેશમાં RBIએ કેશફ્લો ઘટાડતાં ફરીવાર હાલાકી

## આરબીઆઇએ ૨૫ ટકા સુધીનો કેશફ્લો ઘટાડ્યો : અમદાવાદ શહેર સહિત રાજયમાં મોટાભાગના એટીએમ કેશનો અભાવ : ફરીએકવાર નાગરિકોની મુશ્કેલી વધી

અમદાવાદ, તા.૮

ગુજરાત સહિત દેશભરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોમાં મોકલાતો કેશફ્લો ઘટાડતાં નોટબંદી બાદ ફરી એકવાર નાગરિકોની હાલાકીમાં વધારો થયો છે. આરબીઆઈએ અચાનક ૨૫ ટકા સુધીનો કેશફ્લો ઘટાડતાં નાગરિકોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. અમદાવાદ શહેર, ગુજરાત સહિત દેશભરમાં ફરી એકવાર ઘણી બેંકોના એટીએમ ખાલી અથવા તો માત્ર અમુક જ નોટો સાથેની અમુક જ રકમ નીકળે તેવી સ્થિતિમાં છે. નોટબંદી બાદ બેંકોમાં નાણાંની તરલતા પર કાપ મૂકાતાં નાગરિકોએ ફરી એકવાર હાલાકીનો ભોગ બનવું પડયું છે. તંત્રના આ પ્રકારના નિર્ણયને પગલે જનતામાં ફરી એકવાર ઉગ્ર રોષની લાગણી ફેલાવા પામી છે. બીજીબાજુ, એસબીઆઈ, એક્સિસ બેંક, આઈસીઆઈ સીઆઈ, એચડીએફસી સહિતની બેંકોએ અમુક ટ્રાન્ઝેકશન પર ઝીંકેલા ચાર્જને લઈને પણ પ્રજા ત્રસ્ત છે ત્યારે બેંકોમાં અને એટીએમમાં કેશફ્લો ઘટતાં તેની સીધી અસર નાગરિકોના આર્થિક વ્યવહારો અને ટ્રાન્ઝેકશન પર પડી રહી છે.

નાગરિકોએ રોષ ઠાલવ્યો હતો કે, મહિનામાં ચારથી વધુ ટ્રાન્ઝેકશન પર વધારાનો ચાર્જ વસૂલવાના વિવિધ બેંકોના તખલઘી ફરમાનના કારણે નિર્દોષ નાગરિકો ભોગ બની રહ્યા છે. લોકોના બેંકમાં ટ્રાન્ઝેકશન વધે તે હેતુથી બેંકો એટીએમમાં પૂરતા નાણાં રાખતી નથી, એટીએમમાંથી અમુક જ દરની નોટો નીકળે તેવી વ્યવસ્થા રખાઈ છે અને કાં તો કેટલાક એટીએમમાં તો કેશ જ રખાતી નથી. જેના પરિણામે નાગરિકોના ટ્રાન્ઝેકશન બેંકમાં વધી જાય તેવી ચાલાકીપૂર્વકની સ્થિતિનું નિર્માણ કરાયું છે. બેંકોના ટ્રાન્ઝેકશન ચાર્જનો માર નાગરિકો સહન કરી રહ્યા હતા ત્યાં આરબીઆઈ તરફથી દેશની વિવિધ બેંકોમાં ૨૫ ટકા સુધીનો કેશફ્લો ઘટાડી દેતાં એટીએમથી લઈ રોકડ વ્યવહારો અને ચેક ટ્રાન્ઝેકશન પર સીધી અસર વર્તાઈ છે. કેટલાક બેંક સત્તાવાળાઓએ સ્વીકાર્યુ ંકે, આરબીઆઈમાંથી આવતો નિયમિત કેશફ્લો થોડો ઘટાડવામાં આવ્યો છે, તેના કારણે એટીએમમાં તે પ્રમાણે જ નાણાંનો જથ્થો રાખવામાં આવે છે. જો કે, ટૂંક સમયમાં જ આ પરિસ્થિતિ સુધરી જવાની આશા પણ તેમણે વ્યકત કરી હતી. દરમ્યાન આરબીઆઈના કેશફ્લો ઘટાડાને પગલે ગુજરાત સહિત દેશભરમાં ઘણાં ઠેકાણે વિવિધ બેંકોના એટીએમ બંધ હાલતમાં અથવા તો, અમુક જ દરની અમુક નોટો જ નીકળે તેવી હાલતમાં નજરે પડતા હતા.

# રાજકોટમાં 'જીવો અને જીવવા દો'ના સંદેશ સાથે પ્રભાતફેરી

અમદાવાદ, તા.૮

મહાવીર સ્વામીના જીવો અને જીવવા દોના સંદેશાને આપણે આપણા જીવનમાં ઉતારવાનો છે અને તેબાબતનો ધ્યાનમાં રાખી રાજય સરકારે ગૌવંશ હત્યા પ્રતિબંધનો કડકમાં કડક કાયદો અમલી કરેલ છે. રાજય સરકાર મુંગા પશુ પંખીના રક્ષણ માટે પણ પ્રતિબદ્ધ છે. તે પ્રતીતિ કરાવવા ૧૪મી જાન્યુઆરીના રોજ રાજય સરકારે કરૂણા અભિયાન થકી હજારો અબોલ પંખીઓના જીવ બચાવેલ છે. તેમ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ પ્રેરક ઉદબોધનમાં જણાવ્યું હતુ કે, ગાયો પાંજરાપોળો નિભાવવી અને તેની જાળવણી કરવી તે જૈનોના સ્વભાવમાં છે. ત્યારે ગુજરાતમાં ગૌવંશ હત્યા પ્રતિબંધ કાયદો અમલમાં આવતાં ગુજરાતમાં આપણી મહામુલી ગાયોનું જતન અને સંવર્ધન થશે. જેના થકી ગુજરાતમાં શ્વેત ક્રાંતિનું નિર્માણ થશે.

ગુજરાતને શ્રેષ્ઠ ગાયો મળી રહે તે માટે દરેક તાલુકામાં નંદીઘર બનાવવાનું પણ રાજય સરકારે આયોજન કરેલ છે. રાજકોટ ખાતે ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉપલક્ષમાં સમસ્ત સ્થાનક જૈન સમાજ આયોજિત અને સ્થાનક જૈન મોટા સંઘ રાજકોટ સંકલિત ધર્મ યાત્રા અને પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રભાત ફેરીને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શાસન ધ્વજ ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રભાત ફેરી રાજકોટ શહેરના રાજમાર્ગો પર ફરી હતી.

## ૨૨ કરારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, બંને દેશો આર્થિક મુદ્દા પર સાથે આગળ વધશે. સાથે જ પાડોશી દેશને વિજળી આપૂર્તિ વધારવા માટે પણ પીએમ મોદીએ કહ્યું છે. વડાપ્રધાનના કહેવા મુજબ ભારત હંમેશા બાંગ્લાદેશની સમૃદ્ધિ ઈચ્છે છે અને એટલા માટે જ બંને દેશો માટે જરૂરી છે કે, આતંકવાદનો સામનો પણ સાથે મળીને કરે. બાંગ્લાદેશની સૈન્યની જરૂરિયાતો પુરી કરવા માટે ભારતે ૫૦ કરોડ ડોલરની લોન સહાયની જાહેરાત કરી છે. બંને દેશો પરમાણુ ઉર્જા ઉપર એક રૂપરેખા બનાવીને આગળ વધવા સંમત થયા છે. બાંગ્લાદેશમાં ભારત તરફથી પરમાણુ રિએક્ટર સ્થાપિત કરવા અંગે પણ સહમતિ સધાઈ છે. આ અગાઉ આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાનું ભવ્ય સ્વાગત કરી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. હૈદરાબાદ હાઉસ ખાતે જે બંને નેતાઓ વચ્ચે મહત્વની વાતચીત થઈ તેમાં વડાપ્રધાનના કહેવા મુજબ બંને દેશોએ આતંકવાદ સામે લડીને વિજય મેળવવાનો છે. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશને ૪.૫ અરબ ડોલર લગભગ ૨૯૦૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ પણ ભારત આપશે.

ભારત અને બાંગ્લાદેશ વિશેષ કરીને ઉર્જા, સાયબર સિક્યુરિટી, સિવિલ ન્યુક્લિયર સહિત અનેક ક્ષેત્રોમાં આગળ વધશે. વડાપ્રધાન મોદીના કહેવા મુજબ દેશની કંપનીઓ બાંગ્લાદેશની કંપનીઓની સાથે મળી તેલ સપ્લાય ઉપર કામ કરશે. આગળ પણ આ દિશામાં અનેક નવી સમજૂતિઓ સધાશે. ચાર દિવસના ભારતના પ્રવાસે આવેલા બાંગ્લાદેશ વડાપ્રધાન હસીનાએ કહ્યું કે, ભારતમાં તેમના ભવ્ય સ્વાગતથી તેઓ ખુશ છે. બંને ખાસ પડોશી દેશો છે. સીમા સુરક્ષાને લઈને પ્રતિબદ્ધ છે. બંને દેશો શાંતિ માટે પહેલ કરશે.

## ચીફ જસ્ટીસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જજ છે. જ્યારે ૫૩ પુરૂષો છે. બીજી બાજુ મુંબઈમાં હાઈકોર્ટમાં દેશની તમામ હાઈકોર્ટની તુલનામાં સૌથી વધારે મહિલા છે. અહીં ૬૧ પુરૂષ જજ છે જ્યારે ૧૧ મહિલા છે. કોલકત્તા હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટીસના હોદ્દા પર નિશિતા નિર્મલ પહેલી ડિસેમ્બર ૨૦૧૬થી છે. દેશની સ્થિતીની વાત કરવામાં આવે તો દેશભરમાં કુલ ૨૪ હાઈકોર્ટ છે. જેમાં ૬૩૨ જજમાં માત્ર ૬૮ મહિલા છે. ૨૮ જજ વાળા સુપ્રીમ કોર્ટમાં માત્ર એક મહિલા જજ છે. જેમનુ નામ આર ભાનુમતિ છે. નવેસરના આંકડાના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ ચોક્કસપણે વધી શકે છે. આ મહિલાઓએ દાખલા બેસાડ્યા છે.

## ભોજનની યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્નાપૂર્ણા ભોજનાલય શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરાઈ છે જેમાં માત્ર ૩ રૂપિયામાં નાસ્તો અને પાંચ રૂપિયામાં ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. અન્નપૂર્ણા ભોજનાલયમાં શું આપવું તે અંગેનો વિગતવાર મુસદ્દો પણ તૈયાર કરી લેવાયો છે. આ ઉપરાંત ૧૨મી એપ્રિલના રોજ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતે આ અંગેનું તૈયાર કરવામાં આવેલું એક પ્રેજન્ટેશન નિહાળવાના છે. યોજના મુજબ સવારનો નાસ્તો અને બપોર તથા રાતનું ભોજન ઉપલબ્ધ કરાવવવામાં આવશે. નાસ્તામાં દાળિયા, ઈડલી સંભાર, પૌઆ અને ચા પકોડા આપવામાં આવશે જ્યારે ભોજનમાં સિઝન મુજબની શાકભાજી, તુવેરની દાળ અને ભાત આપવામાં આવશે. આ ભોજનાલય રાજ્યના તમામ નગરનિગમ ક્ષેત્રમાં ખોલવામાં આવશે.

## પદયાત્રાનો સંઘ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુવિધાઓથી સજ્જ આ પદયાત્રા મા ના ગુણલાઓનું ગાન કરતો કરતો પસાર થયો ત્યારે 'ચ' માર્ગ પર ભક્તિનું એક અનેરૂ વાતાવરણ સર્જાયુ હતુ.

આ પદયાત્રીઓ આજે સે. ૨૯ના જલારામ મંદિરમાં રાત્રિ રોકાણ કરી વહેલી સવારથી પાછા પદયાત્રાએ નીકળી પડશે.

પેઠામલી ગામના અમદાવાદ શહેરમાં રહેતા ૬૫૦થી વધુ લોકો આ પદયાત્રામાં જોડાય છે. આજે ભીમનાથ મહાદેવના દર્શન કરી ૨૫ ફૂટની ધજા સાથે પદયાત્રીઓએ પ્રસ્થાન કર્યુ હતુ.

આ પદયાત્રાનું પચ્ચીસમુ વર્ષ હોવાથી ૨૫ ફૂટની ધજા તૈયાર કરવામાં આવી છે. જેનું વજન પણ અંદાજે ૧૫ કિલો જેટલુ છે. બે માઈભક્તો ખભે મુકી અને આ ધજા દંડ સાથે પદયાત્રા કરી રહ્યા છે. ભાઈઓએ માથે ગરમી ના લાગે તે માટે પીળા સાફા પહેર્યા હતા.

ગાંધીનગરના ચ-માર્ગ પર આ પદયાત્રીઓ નગરનું આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## રઝળપાટ

● ૪ પોનાનું ચાલુ...

આવેલો દર્શક થોડો કંટાળ્યો. હા હજુ દર્શકો આવે જ છે એટલું સારું છે પણ ફટાફટ ક્રિકેટમાં રોમાંચકતા બહુ અગત્યની છે અને દર્શકોને પણ કાંટે કી ટક્કર અને નજદીકી મુકાબલા જોવા જ ગમવાના. બીગ બેશની જેમ સ્પોર્ટી વિકેટ અને મોટા મેદાન કદાચ આનો એક ઉપાય છે. એ ઉપરાંત કશુક નવું કરવા માટે ગુલાબી બોલ, દર્શકોનું વધુ ઈન્વોલ્વમેન્ટ અને ખાસ તો સરખી ક્ષમતાવાળી ટીમોનું ગઠન જરૂરી છે. આ ઉપરાંત એક મહત્વનું રીઝન એ પણ હોય શકે કે આઈપીએલ માં વધુ પડતા મેચો રમાડાય છે. શેડ્યુલ ને થોડું ઓછું કરીને ઓછી મેચો સાથે આઈપીએલ રમાડાય તો કદાચ શરૂઆતી સીઝન્સ જેવી રોમાંચકતા આઈપીએલમાં ફરી જોવા મળી શકે, ટીલ ધેન વેલકમ ટુ ધ એકસ્ટ્રા ઈનિંગઝ્ઝઝ્ઝ્ઝ.....!!!

# રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા કુકસ ખાતે નેશનલ લોક અદાલત યોજાઈ





મહેસાણા, તા. ૮

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા મહેસાણા જીલ્લાની નેશનલ લોક અદાલતનું આયોજન કુકસ ખાતે કરવામાં આવ્યું હતું. કુકસ ખાતે યોજાયેલ મજૂર અદાલતમાં કેસોનો સુખાકારી સમાધાનથી નિકાલ થાય તે માટે કામદારો અને માલિકોએ ભાગ લીધો હતો. કુ. આર.કે. સોલંકી ન્યાયાધીશના અધ્યક્ષપણા હેઠળ મજૂર અદાલત યોજાઈ હતી. મજૂર અદાલતમાં ૫ કેસોનો સમાધાનકારી નિકાલ કરી ૩,૨૫,૦૦૦ રૂપિયાનું કામદારોને વળતર આપવામાં આવ્યું હતું. કુકસ ખાતે અગાઉ ૧૧ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ મજૂર અદાલતમાં ૩૭ કેસોના સુખાકારી નિર્ણય સાથે રૂ. ૨૩ લાખનું વળતર ચુકવાયું હતું.

સરકારનો અભિગમ 'નેશનલ લોક અદાલત' પક્ષકારો માટે આશિર્વાદરૂપ બન્યો છે. નેશનલ લોક અદાલત અંતર્ગત યોજાયેલ મજૂર અદાલતના કેસોમાં હાજર રહેવા પક્ષકારોને નોટીસથી જાણ કરવામાં આવી હતી. લોક-અદાલત તકરાર નિવારણનો ઉત્તમ વિકલ્પ છે. પક્ષકારોના કેસનો અદાલત દ્વારા નિર્ણય થાય ત્યારે કોઈ એક ઘરે દિવડો થાય છે, જયારે લોક અદાલતમાં થતા સમાધાનથી બન્ને ઘરે દિવડા થાય છે, લોક અદાલતમાં પક્ષકારોની સંમતિથી સમાધાન રાહે સુખદ નિવેડો આવે છે જેના પગલે સામાજીક સદભાવ સાથે સંબંધોની સંવાદીતા જળવાય છે.

લોક અદાલત મારફતે બન્ને પક્ષકારોને ત્વરીત, અસરકારક, સંતોષકારક અને સફળ ન્યાય મળી રહે છે. નેશનલ અદાલતમાં પક્ષકારના સમય અને ખર્ચની બચત થાય છે. લોક અદાલતનો લાભ લેવાથી પક્ષકારો વચ્ચેની તકરારનો હંમેશા માટે અંત આવે છે. કુકસ લેબરકોર્ટ ખાતે યોજાયેલ મજુર અદાલતમાં કેસોનું સ્થળ પર નિરાકરણ આવતાં પક્ષકારોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

મહેસાણા જિલ્લાના કુકસ ખાતે ન્યાયાધીશના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ મજૂર અદાલત (નેશનલ લોકઅદાલત)માં કામદારો તેમજ માલિક પક્ષના વકીલો, પક્ષકારો સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.